# ડીસા નજીક દારૂ ભરેલી ગાડીનો પીછો કરનાર પોલીસ પર હુમલો

## પોલીસની ખાનગી ગાડીને સળગાવી દેવાઈ : પોલીસને ગેરમાર્ગે દોરવા લૂંટનું તરકટ રચનાર રાજસ્થાનના ચાર શખ્સોની ધરપકડ

બનાસકાંઠામાં ગુન્હાહિત પ્રવૃતિઓના ઉચકાતા જતા ગ્રાફ વચ્ચે આજે સવારે ડીસા તાલુકાના કૂચાવાડા નજીક લૂંટની ચોંકાવનારી ઘટના બનતા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું. જોકે ગણતરીના કલાકોમાં જ આ ઘટનામાં ચોંકાવનારો વળાંક આવ્યો છે અને લૂંટની ફરિયાદ નોંધાવનાર શખ્સ જ આરોપી નીકળ્યો છે. દારૂની હેરાફેરી કરી રહેલા આ ફરિયાદી શખ્સે જ પોલીસની ગાડીને સળગાવી મારી પોતાના બચાવ માટે લૂંટનું તરકટ રચ્યું હોવાની સનસનીખેજ વિગતો બહાર આવતા ચોકી ઉઠેલી પોલીસે આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ ચકચારી ઘટનાની વિગતો કઈક એવી છે કે આજે વહેલી સવારે ડીસા તાલુકાના કુચાવાડા નજીકના ટોલનાકા પાસે

પુના જતા રાજસ્થાની પરિવારને લૂંટવાનો પ્રયાસ થયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ ઘટનામાં મૂળ રાજસ્થાનના જાલોર જીલ્લાનાં કારલું ગામના વતની અને હાલ પુના ખાતે રહેતા મહેન્દ્રકુમાર ભંવરલાલ પુરોહિત નામના ઈસમે સ્કોર્પિયો ગાડીમાં આવેલા કોઈ અજાણ્યા શખ્સોએ તેમની સાથે લૂંટ ચલાવવાની કોશિશ કર્યા બાદ જાતે જ તેમની ગાડી સળગાવી દઈ આતંક મચાવ્યો હોવાની પોલીસને જાણ કરતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક આ ઘટનાની તપાસ હાથ ધરાઈ હતી. જોકે પ્રાથમિક તપાસમાં દારૂની હેરફેરી કરી રહેલા રાજસ્થાની શખ્સે જ પોલીસ પર હુમલો કર્યા બાદ પોલીસે નાકાબંધી માટે વાપરેલી સ્કોર્પિયો ગાડી સળગાવી દઈ પોતાના બચાવ માટે ખોટી ફરિયાદ નોંધાવી હોવાની વિગતો બહાર આવતા પોલીસે ફરિયાદી સહિત ચાર લોકોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આજે વહેલી સવારે કુચાવાડા ટોલનાકા પાસે લૂંટનો પ્રયાસ થયો હોવાની ઘટનાની તપાસ દરમ્યાન આ કેશનો ફરિયાદી મહેન્દ્ર પુરોહિત દારૂ ભરેલી ગાડી લઈને આવતો હોવાની બાતમીના પગલે ભુજ રેન્જની આરઆર સેલની ટીમના પોલીસ કોન્સ્ટેબલ માનસંગભાઈ રત્નાભાઈ પટેલે દારૂની હેરાફેરી કરતી આ ગાડીને ઝડપી લેવા માટે પોતાના મિત્રની સ્કોર્પિયો ગાડી લઈ નાકાબંધી કરી એ વખતે રાજસ્થાન તરફથી આવેલી કાળા રંગની સ્કોર્પિયો ગાડીને આંતરી તપાસ કરવાની કોશીશ કરતા આ ગાડીમાં બેઠેલા શખ્સોએ ગાડી સાથે ભાગી જવાની કોશિશ કરી હતી.

જોકે પોલીસે પીછો કરી ગાડીને ઝડપી લીધા બાદ આર આર સેલના કોન્સ્ટેબલ માનસંગભાઈ પટેલે પોતાનું આઈ ડી કાર્ડ બતાવતા આ શખ્સોએ પોલીસકર્મીનું ઓળખકાર્ડ ફાડી નાખી માનસંગભાઈ પર હુમલો કરી તેમને સળગાવી મારવાની ધમકી આપતા માનસંગભાઈએ પોતાનો જીવ બચાવવા ભાગી જવાની કોશિશ કરી હતી જે દરમ્યાન આ શખ્સોએ નાકાબંધી માટે પોલીસે વાપરેલી પાંચ લાખની કિંમતની ખાનગી સ્કોર્પિયો જીપને આગ ચાંપી દઈ સળગાવી મારતા માનસંગભાઈ પટેલે તુરંત પોતાના ઉપરી અધિકારીનું ધ્યાન દોરી ડીસા તાલુકા પોલીસ મથકમાં જાણ કરતા ડીસા તાલુકા પી.આઈ. એ.ટી. પંચોળીએ તુરંત તેમની ટિમ સાથે ઘટનાસ્થળે દોડી જઈ દારૂ ભરેલી ગાડીમાં બેઠેલ રાજસ્થાનના મહેન્દ્રભાઈ ભંવરલાલ પુરોહિત,ગવરારામ પીરારામ પુરોહિત, અશોકકુમાર સોનારામ પુરોહિત તેમજ આંબાભાઈ ભંવરલાલ પુરોહિતને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## ધાનેરાના થાવર ગામે ધુળેટી નિમિતે ગેર નૃત્ય રમાયું

ધાનેરા તાલુકા ના થાવર ગામે ધુળેટી ના પર્વ નીમીતે થાવર ગામના યુવાનો અને વડીલો દેશી પોશાક માં સજ્જ થઈ હાથ માં લાંબી લાકડી લઈ ગેર નૃત્ય રમ્યા હતા અને આ ગેર નૃત્ય જોવા માટે લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આજે સમગ્ર દેશ માં ખુબજ ઉત્સાહ સાથે ધુળેટી ના તહેવાર ની ઉજવણી થઈ રહી છે ત્યારે ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલા ધાનેરા તાલુકા ના થાવર ગામે ધુળેટી ના તહેવાર નિમિતે ગેર નૃત્ય રમ્યા હતા અને વર્ષો જૂની પરંપરા મુજબ ગામના યુવાનો અને વડીલો દેશી પોશાક માં સજ્જ થઈ હાથ માં લાંબી લાકડી લઈ ગેર નૃત્ય રમ્યા હતા અને આ ગેર નૃત્ય જોવા માટે થાવર સહિત આજુ બાજુ ના ગામો માંથી મોટી સંખ્યા માં લોકો ઉમટી પડ્યા હતા થાવર ગામે હોળી નિમિતે ત્રી દિવસીય મહોત્સવ ની ઉજવણી કરવામાં આવે છે જેમાં પહેલા દિવસે હોલિકા દહન કરવામાં આવે છે બીજા દિવસે ગેર નૃત્ય રમવામાં આવે છે અને ધુળેટી ના બીજા દિવસે એક બીજા ઉપર રંગ છાંટી ધુળેટી ના પર્વ ની ઉજવણી કરે છે થાવર ગામેં રમાતી ગેર નૃત્ય સમગ્ર ધાનેરા વિસ્તાર માં આકર્ષણ નું કેન્દ્ર બને છે અને લોકો ગેર નૃત્ય જોઈ ખુશી અનુભવતા હોય છે.

# મજરા ખાતે પરંપરાગત હોલિકા દહન યોજાયું

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે છેલ્લા ૫૦૦ વર્ષથી પ્રાચીન પરંપરા મુજબ ઘરે ઘરે જઈ લાંકડા છાણાં ઉગરાવી હોળીની રાત્રે બે અલગ-અલગ હોળી પ્રગટાવવામાં આવે છે અને વર્ષોથી ચાલી આવતી પરંપરાં યંત્રયુગમાં આજે પણ યથાવત છે.

પ્રાંતિજના મજરા ગામમાં ભૈરવનાથ મંદિરના ચોકમાં બે હોળી પ્રગટાવવામાં આવે છે. જેમાં એક હોળીમાં લાકડાં મુકવામાં આવે છે અને બીજી હોળીમાં છાણાં મુકવામાં આવે છે અને લાકડાંના અંગારા પડયા હોય તેના પરથી બાળકોથી માંડીને યુવાનો, વુધ્ધો સળગતા અંગારા પરથી ખુલ્લા પગે ચાલે છે. છતાં હજુ સુધી કોઈ પણ દાઝયુ હોય તેવો કોઈ બનાવ બન્યો નથી. ત્યારે દાદા ભૈરવનાથના દર્શન તથા મજરાની હોલિકાદહન જોવા માટે શ્રધ્ધાળુઓ પ્રાંતિજ તથા તાલુકા સહિત મહેસાણા, અમદાવાદ, મોડાસા, ગાંધીનગર વગેરે જગ્યાએ જીલ્લાઓમાંથી આવે છે અને પોતાની રાખેલ માનતા બાધા પુર્ણ કરે છે. તો વર્ષોથી અંહી અંગારામાં ચાલવાની પરંપરાં પ્રચલિત થઈ છે. તેને ગામજનો ભૈરવનાથની કૃપા માને છે. અને હોળીના દિવસે જો કોઈ કુટુંબમાં પુત્ર હોય તો જે નિમિત્તે બાળકને પહેલી હોળીના દર્શન કરાવે છે અને નવાં પરણેલા દંપતિ હોળીના દર્શન કરી પ્રદક્ષિણા કરે છે. ત્યારે



ખેડૂતો અગ્નિની જયોતિમાં પૂળા લઈને પ્રગટાવી તેને ઘાસ પોતાના ઘરે પશુઓને ખવડાવે છે. મજરા ખાતે દુરદુરથી લોકો આવીને દાદાભૈરવના દર્શન કરી હોળીના દર્શન કરી ધાણી ખજૂર શ્રીફળ શેરડી કેરી ચડાવીને પૂંજા કરી ધન્યતા અનુભવે છે. બીજા દિવસે પ્રાંતિજ તથા તાલુકાઓમાં ધુળેટીનો તહેવાર મનાવવામાં આવ્યો હતો. જેમાં નાના ભુલકાઓથી લઈને સૌ કોઈ રંગોના રંગે રમતા જોવા મલ્યા હતાં અને રંગોથી રંગાયેલા જોવા મલ્યા હતાં.

## પ્રાંતિજ ત્રણ રસ્તા પાસેથી દારૂની બોટલ, કાર, બાઈક સાથે ત્રણની અટકાયત

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા પાસે વિદેશીદારૂની ત્રણ બોટલ સાથે પ્રાંતિજ પોલિસે ત્રણની અટકાયત કરી હતી. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ દ્વારા નેશનલ હાઈવે આઠ ઉપર પોલીસ રાઉન્ડ દરમ્યાન ઈનોવા કાર નંબર- જીજે૧ ૩એએફ-૧ ૩૭માંથી વિદેશીકંપનીનો દારૂ બોટલ નંગ-૩ જેની કિંમત-૧૨૦૦ તથા કારની કિંમત-૬ લાખ તથા અન્ય બે મદતગીરી કરનાર તથા બાઈક નંબર- જીજે૯સીવી.૪૩૭૧ બાઈકની કિંમત ૪૫૦૦૦ તથા બે મોબાઈલ જેની કિંમત-૧૦૦૦ મળી કુલ-૬,૪૭,૨૦૦ના મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલીસે પ્રવિણસિંહ વેચાતસિંહ રાઠોડ રહે. અનોડીયા, સંજયભાઈ ચંદુલાલ કહાર, વિનોદ ગોકુલભાઈ કહાર બન્ને રહે. પ્રાંતિજ નાની ભાગોળની પ્રાંતિજ પોલીસે મુદ્દામાલ સાથે ત્રણેયેની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજના નનાનપુર ખાતે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી

### ફરીયાદીના પતિને જુની અદાવતને લઈને બોલાચાલી બાદ જાનથી મારી નાખવાની ધમકી મળતા દસ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નનાનપુર ખાતે ફરીયાદીના પતિને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી અપાતા ફરીયાદી મહિલા દ્વારા દસ વિરૂધ્ધ પૉલસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના નનાનપુર ખાતે જુની અદાલત રાખી ૨ થી ૮ નાઓએ ભેગા થઈ એક બીજા ભેગા થઈ રમણલાલ ગોબરદાસને માર્યા છે તેવી ખોટી વાતો કેમ કરો છો તેની અદાવત રાખી ૨૭-૨ના રોજ ફરીયાદીના પતિને મનુભાઈ વણકરને ગાળો બોલી જાનથી મારી નાખવા ધમકી તથા ૧-૩-૧૮ના રોજ ચડામણી કરી આરોપી એકનાએ ફરીયાદી તથા પતિને ગાળો બોલી દિકરાને મારી નાખવાની ધમકી આપતાં સુરેખાબેન મનુભાઈ વણકર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આઠ તથા અન્ય બે છોકરા થઈને દસ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## પ્રાંતિજ ટોલનાકા પાસે કારમાં આગ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે ગાંધીનગર તરફથી આવતી કારમાં અચાનક આગ લાગતાં નાસભાગ મચી જવા પામી હતી. જોત-જોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ટોલનાકા પાસે આજે સવારે ગાંધીનગર બાજુથી આવતી કાર મહેન્દ્રા લોગાન જીજે૫-ટીજી-૯૧૦૦માં અચાનક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. તો આગ લાગતાંની સાથે કારચાલક રાઠોડ હરિદાસસિંહ અજયસિંહ કારમાંથી બહાર ઉતરી ગયાં હતા. ટોલ સંચાલક દ્વારા પ્રાંતિજ ફાયર ટીમને જાણ કરતા પ્રાંતિજ ફાયર ટીમ મુકેશભાઈ, ગોપાલભાઈ તેમની ટીમ ઘટનાસ્થળે દોડી આવી લાગેલ કાર ઉપર પાણીનો મારો ચાલું કર્યો હતો. પણ જોતજોતામાં આગે જોર પકડતાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. કારમાં આગ લાગવાનું કારણ શોટશર્કિટના કારણે લાગી હોવાનું જાણવામાં આવી રહ્યું છે.

## ડીસાના ડાવસ હત્યા કેસમાં ગલાલપુરાના બચુજી ધૂંખની ધરપકડ

બનાસકાંઠાના ડીસા તાલુકાના ડાવસ ગામના ઠાકોર યુવકની હત્યા કરવાના કેસમાં ડીસા તાલુકા પોલીસે એક આરોપીને ઝડપી પાડી જેલના હવાલે કરી દીધો છે. ડાવસ ગામનો કમલેશ વડગામા નામક યુવક તાજેતરમાં જ ડાવસ ગામના બસસ્ટેન્ડ પરથી મૃત હાલતમાં મળી આવ્યા બાદ તપાસ દરમ્યાન પ્રેમ પ્રકરણમાં આ યુવકની હત્યા થઈ હોવાની વિગતો ખુલી હતી. ત્યારે ડીસા તાલુકા પોલીસે આ ખૂનકેસની તપાસને વધુ તેજ કરી આ ઘટનામાં સંડોવાયેલ મનાતા ગલાલપુરા ગામના બચુજી ગેમરજી ધૂંખને ગત શુક્રવારે સાંજે ઝડપી લઈ જેલના હવાલે કરી દીધો છે.

## રાજપુર મેમણ જમાતનો બીજો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

રાજપુર મેમણ જમાતનો બીજો ઈનામ વિતરણ સમારોહ રોયલ રેસીડેન્સીમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓને રોકડ ઈનામથી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે થરાદી મેમણ કાઉન્સીલના મહમંદસફી નેતાજી, આબિદભાઈ બશીરભાઈ, ઈરફાનભાઈ રફીકભાઈ વિગેરે પધાર્યા હતા.ધો. ૧૦ પ્રથમ મેમણ અનશ યાકુભાઈ તથા ધો. ૧૨માં પ્રથમ શરમીન જમીલભાઈ (પત્રકાર) પ્રથમ નંબર આવતા વલીભાઈ મેમણ બંને વિદ્યાર્થીઓને ૫૧૦૦, ૫૧૦૦ રૂ. રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.



## ધનસુરામાં હોલિકા દહનના તહેવારની ઉજવણી કરાઈ

ધનસુરામાં હોલિકા દહનના તહેવારની ઉજવણી કરાઈ હતી. ધનસુરામાં પરબડી, બજાર સહીતના વિવિધ વિસ્તારોમાં ભક્તિભાવપૂર્વક હોલિકા દહનના તહેવારની ઉજવણી કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો દર્શન માટે ઉમટી પડ્યા હતા. નાના બાળકો મહિલાઓ, પુરૂષોથી લઈને વડીલો સૌએ દર્શન કર્યા હતા. લોકોએ પ્રદક્ષિણા કરીને દર્શન કર્યા હતા. ધાણી, ખજુર અને હારડા સહિતની સામગ્રી પવિત્ર હોમમાં અર્પણ કરી હતી. લોકોએ શ્રીફળ વગેરે જેવી પવિત્ર માનતી વસ્તુઓથી ભાવપૂર્વક પૂજન કર્યુ હતુ.

# ધાનેરા નગરપાલિકા ચોક ખાતે હોલિકા દહન કરાયું

ધાનેરા માં નગરપાલિકા ચોક ખાતે હોળી ની પૂજા અર્ચના કરી હોળી પ્રગટાવવામાં આવી હતી માત્ર ભારતમાં જ નહીં,અન્ય દેશોમાં પણ ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવવામાં આવે છે. છે. ખેતરો પાકથી લહેરાતાં હોય છે. યુવાન હૈયાં વસંતની સાથોસાથ ખીલી ઉઠે છે. કુદરતમાં



જેમાં ધાનેરા માંથી મોટી સંખ્યા માં લોકોએ હાજર રહી હોળીના દર્શન કાર્ય હતા તો લોકોએ હોળી નારિયેળ ખજૂર અને ધાણી હોમી હતી.

દર વર્ષે ફાગણ માસની પુનમના દિવસે માર્ચ મહિનામાં આવતો લોકપ્રિય હિંદુ તહેવાર એટલે હોળી.હોળી અને ધુળેટી હોળીને ‘રંગોનો તહેવાર‘ પણ કહેવાય છે. ગુજરાત અને ખાસ કરી સૌરાષ્ટ્રમાં,હોળીને ‘હુતાસણી‘થી ઓળખવામાં આવે છે. હોળીના બીજા દિવસ ધુળેટીને ‘પડવો‘ કહેવામાં આવે છે.હોળી આવતા લોકો ખુબ ઉત્સાહિત થઈ જાય છે . વર્ષનો આ સમય વસંત ઋતુના વધામણાનો સમય હોય પુષ્પોનો પમરાટ અને એક જાતની માદકતા છવાઈ જાય છે જે ઢોલીના ઢોલ સાથે ગવાતા ફાગણના ફાગ અને ધુળેટીના રંગોમાં રંગાઈને ઝૂમી ઉઠતાં જુવાન નર-નારીઓમાં જણાઈ આવે છે. એટલે તો હોળીને ‘દોલયાત્રા‘ કે ‘વસંતોત્સવ‘ તરીકે પણ ઓળખવામાં આવે છે.

# મોડાસાના હફસાબાદ છાપરામાં ક્રિકેટ રમવા જેવી સામાન્ય બાબતે જૂથ અથડામણ

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના હફસાબાદ છાપરા ગામે ક્રિકેટ રમવા જેવી સામાન્ય બાબતે ઠાકોર સમાજના બે જૂથ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ જૂથ અથડામણમાં પરિણમતા ધોકાવાળી અને બાઈક અને બોલેરો જીપના કાચ તોડી નાખતા ભારે અફડાતફડી મચી હતી. જૂથ અથડામણમાં બંને જૂથ દ્વારા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગામમાં હાલ ભરેલા અગ્નિ જેવો માહોલ પ્રવર્તતા ગામલોકોમાં ભય ફેલાયો હતો.

મોડાસા તાલુકાના હફસાબાદ ગામે ધુળેટીના દિવસે ક્રિકેટ રમવા બાબતે અદાવત રાખી ધીરુભાઈ કોહ્યાભાઈ મકવાણાના પુત્રો અતુલભાઈ અને અલ્પેશભાઈને સુરેશ ભાનુભાઈ ચૌહાણે અલ્પેશભાઈના માથામાં લોંખંડની પાઈપ માથામાં મારી તથા અન્ય દસ વ્યક્તિઓએ ગેરકાયદેસર મંડળી રચી લાકડીઓ થતા ગડદાપાટુનો માર મારી માં-બેન સામે બિભસ્ત ગાળો બોલી ગાડીમા તોડફોડ કરતા ભારે ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પોલીસે ધીરુભાઈ કોહ્યાભાઈ મકવાણાએ ભીખીબેન કાળુસિંહ વાઘેલા, રાજેન્દ્રસિંહ કાળુસિંહ વાઘેલા, ગણપતસિંહ કાળુંસિંહ વાઘેલા, સમીરસિંહ બાદરસિંહ વાઘેલા, મૌલિકસિંહ બાદરસિંહ વાઘેલા, બાદરસિંહ નાથુસિંહ વાઘેલા (રહે. હફસાબાદ છાપરા), ભીમસિંહ મંગાસિંહ ચૌહાણ, સુરેશ ભાનુજી ચૌહાણ, નરેન્દ્રસિંહ ભીમસિંહ ચૌહાણ, વિજયસિંહ ભીમસિંહ ચૌહાણ, મદનસિંહ સુરેશસિંહ ચૌહાણ (રહે, વણિયાદ, તા-મોડાસા) ફરીયાદના આધારે ૧૧ શખ્સો સામે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ જીપીએકટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બીજીબાજુ ભેમાભાઈ મોંઘાભાઈ ચૌહાણ (રહે, વાણિયાદ) મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં અલ્પેશભાઈ ધીરાભાઈ મકવાણા, અતુલભાઈ ધીરાભાઈ મકવાણા, જયંતીભાઈ પુંજાભાઈ મકવાણા, અજીત જયંતિભાઈ મકવાણા, વિજય જયંતિભાઈ મકવાણા, ફતાભાઈ પુંજાભાઈ મકવાણા, અનિલભાઈ ફતાભાઈ મકવાણા, પ્રતાપભાઈ ધુળાભાઈ મકવાણા, રતનભાઈ ધુળાભાઈ મકવાણા, સંજયભાઈ ફતાભાઈ મકવાણા, કડવાજી કોદરજી મકવાણા, ધુળાજી કોદરજી, વિનોદસિંહ કડવાજી, મનોજ કડવાજી, રૂમાલ માધાજી, જશીબેન ધીરાભાઈ, બિંદુભાઈ અલ્પેશભાઈ મકવાણા, સીતાબેન અતુલભાઈ મકવાણા (રહે, તમામ હફસાબાદ છાપરા) જયંતિ પુંજાભાઈ ખાંટ (રહે, જીવણપુર), અલ્પેશભાઈના સસરા રજુસિંહ (રહે, મડાસણા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ગેરકાયદેસર મંડળી બનાવી પોલીસ કેસ બાબતે અલ્પેશભાઈ તથા અતુલભાઈએ ભીખીબેન જમણા જમણા હાથની કલાઈ પર બચકુ ભરી તથા લાકડીનો અને ગડદાપાટુનો માર મારી થતા બદારસિંહના ગલ્લામાં તોડફોડ કરી બોલેરો ગાડીમા તોડફોડ કરી ફરિયાદી સહીત લોકો હુમલાથી બચવા ઘરમાં પુરાઈ જતા તમામ આરોપીઓએ ઘર સળગાવી તમામને ઘરમાં બાળી કૂટોનાં જાસા આપી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે તમામ ૧૯ શખ્શો સામે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬ (૨), ૪૨૭, ૧૨૦ બી જીપી એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોધી ધરપકડ કરવા ચક્રોગતિમાન કર્યા હતા.

## ધનસુરાના અગ્રણી અરવિંદભાઈ જે. પટેલજીના ભાઈનું નિધન



ધનસુરાના અગ્રણી અને ધનસુરા કેળવણી મંડળના ઉપપ્રમુખ અરવિંદભાઈ જે. પટેલજીના નાના ભાઈ અને અરવલ્લી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ સચિનભાઈ પટેલના કાકાજી કનુભાઈ જે. પટેલજીનું ટુંકી માંદગી બાદ નિધન થયુ હતુ. કનુભાઈ જે. પટેલજીનું નિધન થતા ગામમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો. અરવલ્લી જિલ્લા તેમજ રાજકીય આગેવાનોમાં પણ શોકનો માહોલ છવાયો હતો. ગામલોકો અને રાજકીય આગેવાનોએ કનુભાઈ જે. પટેલજીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.